પેજ 3

## રોહિત શેટ્ટી ફાયરિંગ કેસમાં શૂટર સહિત છની રાજસ્થાન-હરિણાયાથી ધરપકડ

**મુંબઇ** કોર્ટે તમામ આરોપીના 25મી સુધીના રિમાન્ડ મંજૂર કર્યા, આ કેસમાં કુલ 11ની ધરપકડ



મુંબઈ, તા. 16 (PTI): મુંબઈ પોલીસે રવિવારે જુહુમાં ફિલ્મ-નિર્માતા રોહિત શેટ્ટીના ઘર પર પાંચ રાઉન્ડ ફાયરિંગ કરનાર કથિત શૂટર સહિત છ વ્યક્તિઓની ધરપકડ કરી છે. તેમ અધિકારીઓએ સોમવારે જણાવ્યું હતું. પોલીસે તેમને કોર્ટમાં રજૂ કરતાં તમામ આરોપીના 25મી સુધી રિમાન્ડ મંજૂર કરાયા હતા. શહેર પોલીસના એન્ટી એક્સટોર્શન સેલે (ખંડણી વિરોધી વિભાગ) રવિવારે રાત્રે હરિયાણા અને રાજસ્થાનમાંથી કથિત શૂટર દીપક શર્મા અને આ કેસમાં સંડોવાયેલા અન્ય પાંચ લોકોની અટકાયત કરી હતી અને આરોપીઓને શહેરમાં લાવવામાં આવ્યા છે.

## રાજસ્થાન હાઈકોર્ટના જજ સલમાનની કાળિયાર શિકાર કેસની અપીલની સુનાવણીમાંથી હટ્યા



જોધપુર, તા. ૧૬ (PTI): રાજસ્થાન હાઈકોર્ટની સિંગલ બેન્ચના જસ્ટિસ બલજિંદર સિંહ સંધુએ સોમવારે કાળિયાર શિકાર કેસમાં બોલિવૂડ અભિનેતા સલમાન ખાન અને રાજ્ય સરકારની અપીલો પર સુનાવણી કરવાનો ઇનકાર કર્યો હતો. સલમાન ખાન પર જોધપુર જિલ્લાના કાંકાણી ગામમાં બે કાળિયારનો શિકાર કરવાનો આરોપ હતો.

## ચેક બાઉન્સ કેસમાં રાજપાલ યાદવને જેલમાંથી કામચલાઉ મુક્તિ મળી



નવી દિલ્હી, તા.૧૬ (PTI) : અભિનેતા રાજપાલ યાદવને રાહત આપતા દિલ્હી હાઈકોર્ટે ચેક બાઉન્સના કેસોમાં તેમની સજા ૧૮ માર્ચ સુધી સ્થગિત કરી છે અને તેમને જેલમાંથી મુક્ત કરવાની મંજૂરી આપી છે. જસ્ટિસ સ્વર્ણ કાંતા શર્માએ એ નોંધ્યા પછી આ આદેશ પસાર કર્યો હતો કે યાદવે ફરિયાદકર્તા મેસર્સ મુરલી પ્રોજેક્ટ્સ પ્રાઇવેટ લિમિટેડના બેંક ખાતામાં ૧.૫ કરોડ જમા કરાવ્યા હતા. ન્યાયાધીશે જણાવ્યું હતું કે, ‘ ’અમે તમને સજામાં વચગાળાની રોક લગાવી રહ્યા છીએ.

# હિમપ્રપાતને કારણે સ્વિસ ટ્રેન પાટા પરથી ઉતરી, અનેક ઘાયલ

**જો કે** કોઇને ગંભીર ઇજાના અહેવાલ નહીં, પ્રભાવિત લાઇનો પર ટ્રેનો અટકી ગઇ

ઝુરીચ, તા. ૧૬: આજે વહેલી સવારે કેન્ટન ઓફ વેલેસમાં ગોપેનસ્ટેઈન પાસે હિમપ્રપાતને કારણે BLS ટ્રેન પાટા પરથી ઉતરી જતાં અંદાજે 30 મુસાફરોના જીવ જોખમમાં મુકાયા હતા. સ્થાનિક પોલીસના જણાવ્યા અનુસાર, આ અકસ્માતમાં પાંચ લોકો ઈજાગ્રસ્ત થયા છે, જેમાંથી એક વ્યક્તિને વધુ સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવી છે, જ્યારે અન્ય ચાર લોકોને ઘટનાસ્થળે જ પ્રાથમિક સારવાર આપવામાં આવી હતી.

અહેવાલો અનુસાર, ટ્રેનનો ડ્રાઈવર પણ ઈજાગ્રસ્તોમાં સામેલ છે. પોલીસ દ્વારા પુષ્ટિ કરવામાં આવી છે કે ટ્રેનમાં સવાર અન્ય તમામ મુસાફરોને સુરક્ષિત રીતે બહાર કાઢી લેવામાં આવ્યા છે. આ ટ્રેન સવારે 6:12 વાગ્યે સ્પિએઝથી રવાના થઈ હતી અને બ્રિગ તરફ જઈ રહી હતી, ત્યારે સવારે 7:00 વાગ્યાની આસપાસ આ દુર્ઘટના ઘટી હતી. BLS ના પ્રવક્તાએ મીડિયાને જણાવ્યું હતું કે બરફનો ઢગલો ધસી પડતા તેના સીધા પ્રહારને કારણે ટ્રેન પાટા પરથી ઉતરી ગઈ હતી. આ ઘટનાને પગલે સ્વિસ ફેડરલ રેલવે દ્વારા પ્રભાવિત લાઈન પરનો વ્યવહાર સ્થગિત કરી દેવામાં આવ્યો છે અને આ વિક્ષેપ મંગળવારે સવારે 4 વાગ્યા સુધી રહેવાની શક્યતા છે.






# લગ્ન પૂર્વેના શારીરિક સંબંધોમાં સાવધ રહો, આંધળો વિશ્વાસ ન કરો : સુપ્રીમ

**અમે** જૂના વિચારોના હોઈ શકીએ પણ, લગ્નના ખોટા વચન અને સેક્સ સંબંધો પર સુપ્રીમ કોર્ટનું મોટું નિવેદન

નવી દિલ્હી, તા. 16 (પીટીઆઈ): સુપ્રીમ કોર્ટે સોમવારે એક મહત્વપૂર્ણ અવલોકન કરતા કહ્યું હતું કે લગ્ન પહેલા યુવક અને યુવતી એકબીજા માટે “સંપૂર્ણ અજાણ્યા” હોય છે અને તેમણે લગ્ન પૂર્વેના શારીરિક સંબંધો બાંધતી વખતે સાવધ રહેવું જોઈએ.

જસ્ટિસ બી.વી. નાગરત્ના અને ઉજ્જલ ભુયાનની બેન્ચે લગ્નના ખોટા વચન આપી બળાત્કાર ગુજારવાના આરોપી વ્યક્તિની જામીન અરજી પર સુનાવણી કરી રહી હતી. આ દરમિયાન કોર્ટે મહિલાને સવાલ કર્યો હતો કે તે શા માટે છેક દુબઈ સુધી ગઈ જ્યાં તેમની વચ્ચે શારીરિક સંબંધો બંધાયા હતા. જસ્ટિસ નાગરત્નાએ ઉમેર્યું કે ભલે અમે જૂના વિચારોના હોઈએ, પણ લગ્ન પહેલા કોઈએ કોઈના પર આંધળો વિશ્વાસ ન કરવો જોઈએ.

મહિલાના વકીલે દલીલ કરી હતી કે બંને 2022માં એક મેટ્રિમોનિયલ વેબસાઇટ દ્વારા મળ્યા હતા અને આરોપીએ દિલ્હી તથા દુબઈમાં લગ્નના ખોટા બહાને અનેકવાર શારીરિક સંબંધો બાંધ્યા હતા. જોકે, કોર્ટે તેને સહમતિથી બંધાયેલા સંબંધનો મામલો ગણાવતા કહ્યું કે જો મહિલા લગ્નના મામલે આટલી કડક હોત, તો તેણે લગ્ન પહેલા દુબઈ ન જવું જોઈતું હતું. કોર્ટે આ કેસને ટ્રાયલને બદલે મધ્યસ્થી દ્વારા ઉકેલવા અને આરોપીને સૂચન કર્યું છે કે વળતર ચૂકવી મામલો પતાવવામાં આવે.

મહિલાનો આરોપ છે કે આરોપીએ તેની સંમતિ વિના અંગત વીડિયો પણ રેકોર્ડ કર્યા હતા અને તેને વાયરલ કરવાની ધમકી આપી હતી. પાછળથી તેને જાણવા મળ્યું કે તે વ્યક્તિએ જાન્યુઆરી 2024 માં પંજાબમાં બીજી મહિલા સાથે લગ્ન કરી લીધા હતા. અગાઉ દિલ્હી હાઈકોર્ટ અને ટ્રાયલ કોર્ટે તેની જામીન અરજી ફગાવી દીધી હતી, કારણ કે તે પહેલેથી પરણેલો હોવા છતાં ખોટા વચનો આપતો હતો. હવે સુપ્રીમ કોર્ટે બુધવારે બંને પક્ષોના મંતવ્યો જાણી પતાવટની શક્યતા તપાસવા કહ્યું છે.

# વેપાર કરારના કાનૂની મુસદ્દાની ચર્ચા માટે ભારતીય ટીમ અમેરિકા જશે

**આવતા** સપ્તાહે જ ભારતીય ટીમ અમેરિકામાં આ મુસદ્દાને આખરી ઓપ આપે તેવી શક્યતા

નવી દિલ્હી, 16 ફેબ્રુઆરી (PTI): વાણિજ્ય સચિવ રાજેશ અગ્રવાલે સોમવારે જણાવ્યું હતું કે, વચગાળાના વેપાર કરાર માટેના કાયદાકીય લખાણને આખરી ઓપ આપવા માટે ભારતીય અધિકારીઓની એક ટીમ આવતા અઠવાડિયે અમેરિકાની મુલાકાત લેશે, જેના પર માર્ચમાં સહી થવાની શક્યતા છે. આ મુલાકાત 23 ફેબ્રુઆરીથી શરૂ થવાની સંભાવના છે. આ મહિનાની શરૂઆતમાં, ભારત અને અમેરિકાએ એક સંયુક્ત નિવેદન બહાર પાડીને જાહેરાત કરી હતી કે વચગાળાના વેપાર કરાર માટેનું માળખું તૈયાર કરી લેવામાં આવ્યું છે. અગ્રવાલે અહીં પત્રકારોને જણાવ્યું હતું કે, સંયુક્ત નિવેદન આ સોદાની રૂપરેખા નક્કી કરે છે. હવે, આ રૂપરેખાને કાયદાકીય કરારમાં પરિવર્તિત કરવાની છે, જેના પર બંને પક્ષો વચ્ચે હસ્તાક્ષર કરવામાં આવશે. બંને પક્ષો હાલમાં તે કાયદાકીય કરારને આખરી ઓપ આપવામાં વ્યસ્ત છે અને તે માટે વર્ચ્યુઅલ વાટાઘાટો ચાલી રહી છે. અગ્રવાલે કહ્યું, આવતા અઠવાડિયે, વાણિજ્ય મંત્રાલયના સંયુક્ત સચિવ અને ભારતના મુખ્ય વાટાઘાટકાર દર્પણ જૈન એક પ્રતિનિધિમંડળનું નેતૃત્વ કરશે. આ કાર્ય આવતા અઠવાડિયે વોશિંગ્ટનમાં ચાલશે અને જો જરૂર પડશે તો તે પછી જુલાઈ અને માર્ચમાં પણ ચાલુ રહેશે.

સચિવે જણાવ્યું હતું કે માર્ચમાં આ સોદો પૂરો કરીને તેના પર હસ્તાક્ષર કરવાનો પ્રયાસ છે, પરંતુ મેં તેના માટે કોઈ કડક સમયમર્યાદા નક્કી કરી નથી.

# તુ યા મેં: બે પ્રેમીઓ, એક સ્વિમિંગ પૂલ અને લોહીતરસ્યો મગર



**મૂવી રિવ્યુ**

અમર સોલંકી દ્વારા

ફિલ્મ: તુ યા મેં (યુએ)

રેટીંગ: ★★☆☆☆

એક લાઈનનો પ્રતિભાવ: સર્વાઈવલ થ્રિલરનો રોમાંચ અને પ્રેમની ખુશ્બુવાળી આ ફિલ્મ એક વખત તો જોવી જોઈએ

આ એક એવા યુવાન પ્રેમી યુગલની વાર્તા છે જેઓ ગોવા રજાઓ માણવા જાય છે અને ત્યાં એક ખાલી સ્વિમિંગ પૂલમાં ફસાઈ જાય છે, જ્યાં તેમનો સામનો એક મગર સાથે થાય છે. પૂલ ઊંડો હોવાથી તેઓ બહાર નીકળી શકતા નથી અને સૌથી ખરાબ બાબત એ છે કે કોઈ મદદ માટે પણ ત્યાં આવતું નથી. જ્યારે તેઓ બચવાનો સખત પ્રયાસ કરે છે, ત્યારે તેમને ખબર પડે છે કે ત્યાં એક નહીં પણ બે મગર છે. પિંગ લમ્પ્રાપ્લોએંગ દ્વારા લિખિત ‘ધ પૂલ’ પરથી બનાવવામાં આવેલી આ ફિલ્મની વાર્તા રસપ્રદ અને જકડી રાખે તેવી છે. અભિષેક અરુણ બાંદેકરની પટકથા પ્રેક્ષકો પર પોતાની પકડ ગુમાવતી નથી.

ફિલ્મનો પ્રથમ ભાગ ફ્લો અને એમએસ વેનિટી વચ્ચેની મિત્રતા અને રોમાંસ પર કેન્દ્રિત છે, પરંતુ મધ્યરાંતર (ઈન્ટરવલ) પછી જ્યારે મગરની એન્ટ્રી થાય છે ત્યારે ફિલ્મમાં રોમાંચક વળાંક આવે છે. મગરના પ્રવેશ પછીના દ્રશ્યો એટલા હચમચાવનારા છે કે પ્રેક્ષકોના હૃદયના ધબકારા વધી જાય છે. બીજા ભાગમાં પ્રેક્ષકોને વિચારવાની એક ક્ષણ પણ મળતી નથી. આદર્શ ગૌરવે મારુતિ કદમ ઉર્ફે ‘ફ્લો’ તરીકે અદ્ભુત કામ કર્યું છે. શનાયા કપૂર અવની શાહ ઉર્ફે ‘એમએસ વેનિટી’ તરીકે નેચરલ અભિનય કરે છે. અંશ વિકાસ ચોપરા, અમૃતા શ્રીનિવાસન અને અન્ય સહાયક કલાકારોએ પણ સારું કામ કર્યું છે.

બિજોય નામ્બિયારનું દિગ્દર્શન સુંદર છે અને તેઓ પ્રેક્ષકોને મુખ્ય પાત્રો સાથે જોડી દેવામાં સફળ રહ્યા છે. પ્રતીક રાજગોપાલનું બેકગ્રાઉન્ડ મ્યુઝિક ખૂબ જ પ્રભાવશાળી છે અને રેમી દલાઈની સિનેમેટોગ્રાફી અદ્ભુત છે. એનિમેટ્રોનિક્સ દ્વારા બનાવેલો મગર એકદમ ડરામણો અને ક્રૂર લાગે છે.

**અભિનેતાઃ** આદર્શ ગૌરવ, શનાયા કપૂર, પારુલ ગુલાટી, અંશ વિકાસ ચોપડા **નિર્માતાઃ** કલર યલો પ્રોડક્શન, ભાનુશાલી સ્ટુડિયો લિ. **નિર્દેશકઃ** બિજોય નાંબિયાર

# બંગાળ SIR ગેરરીતિ : ચૂંટણી પંચે સાત અધિકારીને સસ્પેન્ડ કર્યા

**આ** કર્મચારીઓ પશ્ચિમ બંગાળ રાજ્ય સરકારના કર્મચારીઓ હતા અને ચૂંટણી પંચમાં ડેપ્યુટેશન પર મૂકાયા હતા

**SIR** કવાયતમાં ફોર્મ ૭ હેઠળ દાખલ કરાયેલા દાવાઓ, વાંધાઓનો ઝડપી નિકાલ કરવા પણ રાજ્યના સત્તાવાળાઓને નિર્દેશ

નવી દિલ્હી, 16 ફેબ્રુઆરી (PTI): ચૂંટણી કાયદા હેઠળ પોતાની સત્તાનો ઉપયોગ કરીને, ચૂંટણી પંચે પશ્ચિમ બંગાળમાં આસિસ્ટન્ટ ઈલેક્ટોરલ રજીસ્ટ્રેશન ઓફિસર્સ (AEROs) તરીકે તૈનાત સાત અધિકારીઓને ગંભીર ગેરવર્તણૂક, ફરજમાં બેદરકારી અને રાજ્યમાં ચાલી રહેલી સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) પ્રક્રિયાના સંબંધમાં વૈધાનિક સત્તાઓના દુરુપયોગ બદલ તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કર્યા છે.

સસ્પેન્ડ કરાયેલા આ અધિકારીઓ રાજ્ય સરકારના કર્મચારીઓ હતા જેઓ મતદાર યાદી અપડેટ કરવા અને ચૂંટણી યોજવામાં મદદ કરવા માટે ચૂંટણી પંચમાં ડેપ્યુટેશન પર કામ કરી રહ્યા હતા. આદેશોને ટાંકીને ચૂંટણી પંચના અધિકારીઓએ જણાવ્યું હતું કે, પંચે રાજ્યના મુખ્ય સચિવ નંદિની ચક્રવર્તીને નિર્દેશ આપ્યો છે કે આ અધિકારીઓ વિરુદ્ધ તેમના સંબંધિત કેડર કંટ્રોલિંગ ઓથોરિટી દ્વારા કોઈપણ વિલંબ કર્યા વિના તાત્કાલિક શિસ્તભંગની કાર્યવાહી શરૂ કરવામાં આવે અને આ અંગે પંચને જાણ કરવામાં આવે.

# રાજસ્થાનમાં ગેરકાયદે ફટાકડા ફેક્ટરીમાં આગથી સાતનાં મોત




**ગારમેન્ટ** ફેક્ટરીના નામે ગેરકાયદેસર રીતે ફટાકડા બનાવવાનો ધંધો ચાલતો હતો

**વડાપ્રધાન** અને ઉપરાષ્ટ્રપતિએ દુઃખ વ્યક્ત કર્યું

જયપુર, ફેબ્રુઆરી 16 (PTI): રાજસ્થાનના ખૈરથલ-તિજારા જિલ્લાના ભીવાડી શહેરમાં સોમવારે એક ગેરકાયદેસર ફટાકડા બનાવવાની ફેક્ટરીમાં સાત લોકો જીવતા સળગી ગયા હતા અને બે ગંભીર રીતે ઘાયલ થયા હતા, તેમ અધિકારીઓએ જણાવ્યું હતું.

આ ઘટના ભીવાડીના ખુશખેડા-કરોલી ઇન્ડસ્ટ્રીયલ એરિયામાં બની હતી. એડિશનલ ડિસ્ટ્રિક્ટ મેજિસ્ટ્રેટ સુમિત્રા પરીકે જણાવ્યું કે, આ ઘટનામાં સાત વ્યક્તિઓના મોત થયા છે. તે ગાર્મેન્ટ ફેક્ટરી હતી પરંતુ તેની અંદર ગેરકાયદેસર રીતે ફટાકડા બનાવવામાં આવી રહ્યા હતા. તેમણે વધુમાં ઉમેર્યું કે ફેક્ટરીમાં ફસાયેલા બે લોકોને બચાવી લેવાયા હતા, જેમને ગંભીર હાલતમાં દિલ્હીની સફદરજંગ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. અગાઉ, અધિકારીઓએ જણાવ્યું હતું કે કેમિકલ ફેક્ટરીમાં આગ લાગી હતી. તેમણે કહ્યું કે, પરિસરને ગાર્મેન્ટ ફેક્ટરીના નામે ભાડે આપવામાં આવ્યું હતું પરંતુ પ્રાથમિક અહેવાલ મુજબ, ત્યાં ગેરકાયદેસર રીતે ફટાકડા બનાવવામાં આવી રહ્યા હતા. તેમણે જણાવ્યું કે પોલીસ જ્યારે રૂટિન પેટ્રોલિંગ પર હતી ત્યારે આ ઘટનાની જાણ થઈ હતી, જે બાદ તાત્કાલિક બચાવ કામગીરી શરૂ કરવામાં આવી હતી. મુખ્યમંત્રી ભજનલાલ શર્માએ જિલ્લા વહીવટીતંત્રને તાત્કાલિક રાહત અને બચાવ કાર્ય કરવા સૂચના આપી હતી. તેમણે વન મંત્રી સંજય શર્માને પણ તાત્કાલિક અલવર પહોંચવા નિર્દેશ આપ્યો હતો.

ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણન અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સોમવારે રાજસ્થાનના ભિવાડી શહેરમાં એક કેમિકલ ફેક્ટરીમાં લાગેલી આગની દુર્ઘટનામાં ફેક્ટરી કામદારોના મોત પર શોક વ્યક્ત કર્યો હતો અને ઈજાગ્રસ્તોના ઝડપથી સ્વસ્થ થવા માટે પ્રાર્થના કરી હતી.

વડાપ્રધાન કાર્યાલય (PMO) એ ‘X’ પર વડાપ્રધાનને ટાંકીને કહ્યું કે, જેઓએ પોતાના પ્રિયજનો ગુમાવ્યા છે તેમના પ્રત્યે મારી સંવેદનાઓ છે. હું ઈજાગ્રસ્તોના ઝડપથી સાજા થવા માટે પ્રાર્થના કરું છું. ઉપરાષ્ટ્રપતિએ પણ ઘટના અંગે દુઃખ વ્યક્ત કરી ઇજાગ્રસ્તો માટે પ્રાર્થના કરી હતી.

# એઆઈ પાવર્ડ ખેતી : કર્ણાટકના ઉદ્યોગપતિનું નવું સાહસ

**આ** ટેકનોલોજીમાં એવી સિસ્ટમ્સનો સમાવેશ થાય છે જે પાકના રોગોને શારીરિક લક્ષણો દેખાય તે પહેલાં શોધી શકે છે અને પ્રકાશસંશ્લેષણ માટે અનુકૂળ કૃત્રિમ પ્રકાશ પૂરો પાડે છે

નવી દિલ્હી, 16 ફેબ્રુઆરી (PTI): એક ભારતીય ઉદ્યોગસાહસિક, જેમણે એક દાયકા પહેલા દુષ્કાળમાં પોતાનો આખો પાક ગુમાવ્યો હતો, તેઓ હવે કર્ણાટકમાં ઉચ્ચ મૂલ્ય ધરાવતા મસાલા અને ઔષધીય છોડ ઉગાડવા માટે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) સજ્જ હાઈડ્રોપોનિક ફાર્મિંગમાં 214 કરોડનું રોકાણ કરી રહ્યા છે.

મેંગલોર સ્થિત પનામા હાઈડ્રો-એક્સના સ્થાપક અને CEO વિવેક રાજે જણાવ્યું હતું કે, કંપનીએ અનેક વર્ષો સુધી સંશોધન અને વિકાસ (R|D) પાછળ 146 કરોડ ખર્ચ્યા બાદ ચાર પેટન્ટ ધરાવતી AI ટેકનોલોજી વિકસાવી છે. ‘AI ઈમ્પેક્ટ સમિટ 2026’ માટે અહીં આવેલા રાજે PTI ને આપેલા એક ઈન્ટરવ્યુમાં જણાવ્યું હતું કે, આ ટેકનોલોજીમાં એવી સિસ્ટમ્સનો સમાવેશ થાય છે જે પાકના રોગોને શારીરિક લક્ષણો દેખાય તે પહેલાં શોધી શકે છે અને પ્રકાશસંશ્લેષણ માટે અનુકૂળ કૃત્રિમ પ્રકાશ પૂરો પાડે છે. 700 મિલિયન ડોલરની વ્યક્તિગત નેટવર્થ ધરાવતા 40 વર્ષીય રાજે જણાવ્યું હતું કે, અમને ટ્રાયલ સમયગાળા દરમિયાન સારા પરિણામો મળ્યા છે અને અમારી AI ટેકનોલોજી માટે યુકે, જર્મની અને ઓસ્ટ્રેલિયા પાસેથી પેટન્ટ પ્રાપ્ત થઈ છે.

# દિલ્હીમાં પારિવારિક વિવાદમાં મહિલાના વેશમાં બનેવીએ સાળીનું ગળું કાપી નાખ્યું

**યાદવનો** તેની પત્ની અને સાસરી પક્ષ સાથે એપ્રિલ 2025થી વિવાદ ચાલી રહ્યો હતો

નવી દિલ્હી, તા. 16 (PTI): દિલ્હીના રોહિણી વિસ્તારમાં સોમવારે એક 27 વર્ષીય ફિઝિયોથેરાપિસ્ટ પર તેના જ બનેવી દ્વારા કથિત રીતે હુમલો કરવામાં આવ્યો હતો. આરોપીએ ચાલુ પારિવારિક વિવાદનો બદલો લેવા માટે મહિલાનાં કપડાં પહેરી વેશપલટો કરીને તેનું ગળું કાપી નાખ્યું હોવાનું પોલીસે જણાવ્યું હતું.

પોલીસે જણાવ્યું હતું કે, આરોપીની ઓળખ જય પ્રકાશ યાદવ તરીકે થઈ છે, જે નજફગઢનો રહેવાસી છે અને એક કોચિંગ સેન્ટરમાં શિક્ષક તરીકે કામ કરે છે. તેની ધરપકડ કરવામાં આવી છે.

એક વરિષ્ઠ પોલીસ અધિકારીના જણાવ્યા અનુસાર, પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે યાદવનો તેની પત્ની અને સાસરી પક્ષ સાથે એપ્રિલ 2025થી વિવાદ ચાલી રહ્યો હતો.

# પહેલગામ હુમલાના પીડિતની પુત્રી સરકારી નોકરીની રાહ જોઈ રહી છે

**પિતાના** મૃત્યુ પછી પરિવાર આર્થિક મુશ્કેલીઓનો સામનો કરી રહ્યો છે : પીડિતની પુત્રી

**10 મહિના** પછી પણ સરકારી નોકરી આપવાનું વચન પળાયું નથી

પુણે/મુંબઈ, તા. 16 (PTI): પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલામાં તેના પિતાએ જીવ ગુમાવ્યો તેના દસ મહિના પછી પણ અસાવરી જગદલે મહારાષ્ટ્ર સરકાર દ્વારા રાજ્યમાં નોકરી આપવાના વચનને પૂરું કરવાની રાહ જોઈ રહી છે.

સોમવારે પુણેમાં અસાવરીએ તેની ચિંતા વ્યક્ત કરી હતી ત્યારે ભાજપના નેતા નવનાથ બાણે આ વિલંબની બાબત સીધી મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ સુધી પહોંચાડવાનું આશ્વાસન આપ્યું હતું.

ગયા વર્ષે 22 એપ્રિલે પહેલગામના બૈસરન મેદાનોમાં આતંકવાદીઓએ કરેલા અંધાધૂંધ ગોળીબારમાં જે 26 લોકોના મોત થયા હતા.